**શામળાજીના દેવનીમોરી ગામે સ્મશાને જવાના રસ્તા પર**

# વનતંત્ર દ્વારા ખાડા ખોદતાં અંતિમવિધિ અટવાતા મૃતદેહ ૪ કલાક રઝળ્યો

**મેશ્વો ડેમના કિનારે આવેલ સ્મશાન ડેમ ઓવરફ્લો થતા એક માત્ર રસ્તા પર વનવિભાગ તંત્ર દ્વારા ટેન્સ ખોદતાં મોતનો મલાજો ન જળવાયો**



શામળાજી, તા. ૨૭

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને ભગવાન બુદ્ધના અવશેષો મળી આવ્યા હતા તે દેવની મોરી ગામે એક મહિલાનું બીમારીથી મોત નિપજતા અંતિમવિધિ માટે સ્મશાને લઈ જતા ડાઘુઓ રસ્તામાં વનવિભાગતંત્ર દ્વારા ખાડા ખોદતાં મૃતદેહ અને લાકડા લઈ જવા શક્ય ન હોવાથી ગ્રામજનોએ મૃતદેહ રસ્તામાં રાખી મુકવાની ફરજ પડતા અને મૃતક મહિલાની અંતિમ ક્રિયા અટકતા ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો હતો. વનતંત્ર વિભાગમાં આ અંગે રજુઆત કરતા અધિકારી રજા પર હોવાનું જણાવી મોતનો મલાજો પણ ન જાળવતા મૃતદેહ અને ડાઘુઓ રસ્તામાં રઝળ્યા હતા.

દેવનીમોરી સહીત હિમંતપૂર, નવલપુર ગામના મેશ્વોડેમના નિર્માણ પછી ડેમના કિનારે સ્મશાન આવેલા છે. વર્ષોથી ડેમના કિનારે મૃતકની અંતિમવિધિ કરવામાં આવે છે દેવનીમોરી ગામે શનિવારે ચંદનબેન કાંતિભાઈ પારઘી (ઉં.વર્ષ-૫૨)નું બીમારીના લીધે મોત નિપજતા પરિવારજનો અને ગ્રામજનો બપોરે ૧૨ વાગે સામાજિક રીતરિવાજ મુજબ મૃતદેહ સાથે જવા નીકળતા રસ્તામાં વનવિભાગ તંત્ર દ્વારા ટેન્સ (૨ ફૂટ પહોળા અને ત્રણ ફૂટ ઉંડા ) ખાડા ખોદી નાખતા ડાઘુઓ મૃતદેહ સાથે રસ્તામાં અટવાતા ચકચાર મચી હતી. મેશ્વો ડેમ પાણીથી છલોછલ ભરેલ હોવાથી સ્મશાને જવાના અન્ય માર્ગ પણ બંધ હોવાથી ન છૂટકે અન્ય કોઈ વિકલ્પ ન હોવાથી મૃતદેહ અને અગ્નિસંસ્કાર માટેના લાકડાના જથ્થા સાથે રસ્તામાં બેસી રહેવાનો વારો આવતા અને મૃતદેહ રઝળતા વનવિભાગ તંત્રને રજુઆત કરવા જતા રજાનું બહાનું આગળ ધરી દઈ જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કરતા લોકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. પ્રજાજનોના પ્રબળ રોષને પારખી આખરે ૪ કલાક પછી વનવિભાગ તંત્રની આંખો ખુલતા મજૂરો દ્વારા ખાડો પૂરવાની કામચલાઉ કામગીરી હાથ ધરવામાં આવતા આખરે મૃતક મહિલાના મૃતદેહને મોડી સાંજે અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા. દેવનીમોરીના પ્રવિણસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર વનવિભાગ તંત્રમાં અને ઉચ્ચ કક્ષાએ રજુઆત કરતા બપોરના ૧૨ વાગ્યાથી રઝળતા મૃતદેહ માટે સ્મશાનમાં જવાના રસ્તા પર ખોદેલ ખાડાઓ વનવિભાગના મજૂરો દ્વારા ૪:૩૦ વાગ્યા પછી પુરવાનુ શરુ કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

# સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે મહેસાણા જિલ્લામાં વિવિધ કાર્યક્મો

મહેસાણા, તા. ૨૭

સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની જન્મ જયંત નિમિત્તે મહેસાણા જિલ્લામાં ૩૧ ઓક્ટોબર બુધવારે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. ૩૧ ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ભારત સરકાર દ્વારા ઉજવવાનું નક્કી કરાયું છે. જેમાં જિલ્લા મથકેથી સમાજના તમામ વર્ગોને આવરી લઈને રન ફોર યુનીટીના કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ ઉપરાંત સાંજે માર્ચ પાસ્ટનું આયોજન કરાયું છે. બુધવારે સવારે ૬-૩૦ કલાકે દુધસાગર ડેરીની સામે, સર્વિસ રોડ, સહયોગ પાર્લરની આગળ મહેસાણાથી રન ફોર યુનીટી કાર્યક્રમ યોજાશે. જે સરદાર વલ્લભભાઈ પટેલના બાવલાના સ્થળે મોઢેરા ચાર રસ્તા મહેસાણા સુધી યોજાશે.

આ ઉપરાંત સાંજે ૧૬-૦૦ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડથી તોરણવાળી માતાના ચોક સુધી પોલીસ બેન્ડ સાથે માર્ચ પાસ્ટનું આયોજન કરાયું છે. માર્ચ પાસ્ટમાં પોલીસ સ્ટાફ, રેલ્વે પોલીસ સ્ટાફ, હોમગાર્ડઝ જવાનો, મહિલા સુરક્ષાના સભ્યો સહિત સમાજના તમામ વર્ગોને આવરી લઈને કાર્યક્રમનું આયોજન કરાયું છે.

# અરવલ્લી જીલ્લાના ખેડૂતોની દિવાળી પાક ઉપજના પૂરતા ભાવ ન મળતા બગડશે

**ટેકાના ભાવે ખરીદી દિવાળી પહેલા કરવામાં આવેની ખેડૂતોની માંગ**



મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લામાં ખેડૂતોને તેમની ઉપજના ભાવ પૂરતા પ્રમાણમાં નહિ મળતા હોવાના લીધે ખેડૂતોની હાલત દિવસેને દિવસે દયનિય બની રહી છે. મોંઘીદાટ ખેતી અને કુદરતની થપાટ વચ્ચે પીસાતો ખેડૂત દેવાના ડુંગર નીચે જીવનનિર્વાહ ચલાવવા મથામણ કરી રહ્યો છે. રાજ્ય સરકારે ખેડૂતોના હામી હોવાનો દેખાડો કરી મોટી મોટી જાહેરાતો કરી અમલવારીમાં વિલંબ થતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. જીલ્લામાં મોટા પ્રમાણમાં મગફળીના પાકનું વાવેતર કરનાર ખેડૂતો રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદવાની જાહેરાત કરતા દિવાળી તહેવાર સુધરવાની આશાએ આનંદ છવાયો હતો પરંતુ દિવાળી બાદ ટેકાના ભાવે ખરીદી થશેની જાહેરાતથી ખેડૂતોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. દિવાળી પહેલા ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્રો શરુ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે. અરવલ્લી જીલ્લામાં કપાસ, મગફળી, અડદ, સોયાબીન સહિતના પાક પોષણક્ષમના ભાવ નહિ મળતા ખેડૂતોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. દિવાળી પર્વ બાદ ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાતથી જગતનો તાત મજબૂરીવશ માર્કેટયાર્ડના વેપારીઓને ટેકના ભાવથી ઓછા ભાવે મહામૂલો પાક વેચવા મજબુર બન્યા છે. ખેડૂતો દ્વારા સરકાર દ્વારા દિવાળી પર્વ પહેલા ખરીદ કેન્દ્રો પર ખરીદી કરવાની ઉગ્ર માંગ સાથે સરકારની ટેકાના ભાવે મગફળી ખરીદવાની જાહેરાત ખેડૂતો માટે નહિ પણ વેપારીઓને ફાયદો થાય તે માટે કરવામાં આવી હોવાનો કેટલાક ખેડૂતોએ સનસનાટીભર્યો આક્ષેપ કર્યો હતો.

# મેઘરજ તાલુકામાં વધુ એક યુવક અને મહિલા ડેન્ગ્યુના સકંજામાં

મેઘરજ, તા. ૨૭

મેઘરજ તાલુકામાં રોગચાળો વકર્યો છે, જે થંભવાનુ નામજ ના લેતો હોય તેમ વધુ બે કેસ ડેંગ્યુના નોધાતાં તાલુકામાં ફફડાટ વ્યાપ્યો છે. મેઘરજ તાલુકાના વડથલી ગામે ૪૩ વર્ષીય યુવકને સતત તાવ આવતાં મોડાસાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. તે દરમ્યાન તબીબ પરીક્ષણમાં ડેંગ્યુ જણાઇ આવતાં યુવકને ડેંગ્યુની સારવાર અપાઇ રહી છે. ત્યારે પંચાલ ગામે એક મહિલાને તાવ આવતાં મોડાસાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન ડેંગ્યુ જણાતાં મહિલાને ડેંગ્યુના રોગની સારવાર અપાઇ રહી છે. જેની જાણ મેઘરજ આરોગ્યતંત્રને થતાં વડથલી અને પંચાલ ગામે જઈ દવાનો છંટકાવ કરી સર્વે હાથ ધર્યુ હતુ.

# મેઘરજના વૈડી ગામની માનસિક બીમાર ગર્ભવતી મહિલાની પોલીસેતંત્રના સહયોગથી પ્રસુતી કરાવી





મેઘરજ, તા. ૨૭

મેઘરજના વૈડી ગામની માનસિક રીતે બીમારીથી પીડાતી ૨૭ વર્ષીય મહિલા પ્રસુતાને તેના પરિવારજનો પ્રસુતિની પીડા ઉપડતા મેઘરજના સરકારી દવાખાને ખસેડી હતી. પ્રસૂતા મહિલા અચાનક ઘરે જવાની જીદ પકડી દવાખાનામાંથી ભાગી હતી. જેના પગલે મહિલાની સ્થિતિથી અવગત તબીબે અને નર્સે મામલતદાર કચેરી નજીક પકડી રિક્ષામાં બેસાડી પછી દવાખાને લાવ્યા હતા. મહિલા તોફાને ચઢતા ધમાચકડી મચાવતા ડૉ. પી.પી. પરીખે પોલીસતંત્રની મદદ લીધી હતી. સમગ્ર હકીકતથી પોલીસતંત્રને વાકેફ કરતા પોલીસ તાબડતોડ સરકારી દવાખાને દોડી જઈ માનસિક બીમારીથી પીડાતી પ્રસુતાને સમજાવવા છતાં ન માનતા જેલમાં પુરી દેવાની ધમકી આપતા પ્રસૂતા પ્રસુતિ માટે તૈયાર થતા તબીબોએ સફળતા પૂર્વક પ્રસુતિ કરાવી હતી. મહિલાએ દીકરીને જન્મ આપ્યો હતો. બાળકી-મહિલાની તબિયત સ્થિર હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હતી.

# આજે માલપુર મંડલમાં સ્ટેચ્યુ ઓફ યૂનિટી એકતા યાત્રાનો પ્રારંભ



મોડાસા, તા. ૨૭

આજના દિવસે ભાજપ અરવલ્લી જિલ્લા મહામંત્રી એસ.એમ. ખાંટ, માજી ધારાસભ્ય ભિખિબેન પરમાર, જિલ્લા સદસ્ય ધીરુભાઈ ખાંટ, જિલ્લા મંત્રી ઈંદિરાબેન પ્રમુખ, મુકેશસિંહ રાઠોડ, મહામંત્રી શરદભાઈ પટેલ, આઈ.ટ.સેલ કન્વિનર અમરીશભાઈ પંડ્યા, ઉભરાણ સરપંચ મહેશભાઈ પટેલ, મામલત્તાદાર, તાલુકા વિકાસ અધિકારી અને તલાટી, અધિકારી ગણ અને ગ્રામજનો હાજર રહી દેશની એકતા અને અખંડિતતાના શપથ લીધા હતા.

# બટાકા ભરેલી ટ્રકમા સ્ટેરિંગ લોક થતા પહાડ સાથે અથડાઈ અને આગ લાગી

**ડ્રાયવર અને ક્લીનર કાચ તોડી બહાર નીકળ્યા**



અંબાજી

શક્તિપીઠ અંબાજી ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર આવેલું શક્તિપીઠ છે અંબાજી ધામ ના વચ્ચે થી આબુ હાઈવે નીકળે છે અને આ ધામ મા બાયપાસ માર્ગ ન હોવાથી અહીં થી મોટી મોટી ગાડીઓ માલ ભરીને અંબાજી તરફ ના માર્ગો પર અવરજવર કરતી હોય છે આજે અંબાજી થી હડાદ માર્ગ પર રાણપુર બંગલા ગામ ની સીમ મા પંજાબ થી ૩૦ ટન બટાકા ભરીને હિંમતનગર તરફ જતા આ ટ્રક નો સ્ટિયરિંગ લોક થઈ જતા આ ટ્રક ધડાકા સાથે પહાડ સાથે અથડાયું હતુ અને અથડાતા ની સાથે જ આ ટ્ર્ક મા આગ લાગી જતા આ હાઈવે માર્ગ પર અફરાતરફી નો માહોલ થઈ જવા પામ્યો હતો , અને ટ્રક ના ડ્રાયવર અને ક્લીનર કાચ તોડી બહાર નીકળ્યા હતા આ હાઈવે આબુ અમદાવાદ માર્ગ છે આજે બનેલી ઘટના બાદ ૧૦૮ , ફાયર અને પોલીસ ઘટના સ્થળે આવી હતી અને આ ટ્ર્ક ના ડ્રાયવર અને ક્લીનર ને અંબાજી કોટેજ ખાતે ખસેડવામાં આવ્યા હતા આજે રાણપુર ગામ ની સિમ માં બપોરે પંજાબ ના પટિયાલા થી ૩૦ ટન બટાકા ભરેલી ટ્રક અંબાજી થઈ હિંમતનગર તરફ જતી હતી ત્યારે સ્ટેરીંગ લોક થઈ જતા આ ટ્રક સામે ના પહાડ સાથે ધડાકા સાથે અથડાતા ટ્રક માં મોટી આગ લાગી હતી અને આ સમયે ટ્રક ના ડ્રાયવર અને ક્લીનર કાચ તોડી બહાર નીકળ્યા હતા અને ત્યારબાદ ફાયર ની ટીમ ઘટના સ્થળે આવી આગ કાબુ માં લેવા ઘણા પ્રયાસ કર્યા હતા પણ આ ટ્રક ની આગ ભારે હોઈ ફાયર ની ટીમ ને ઘણી મહેનત કરી આગ પર કાબુ મેળવ્યો હતો , ત્યારબાદ ૧૦૮ અંબાજી મારફતે આ ડ્રાયવર અને ક્લીનર ને સારવાર માટે અંબાજી ની સરકારી કોટેજ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને તત્યારબાદ અંબાજી પોલીસ આવી વધુ તપાસ હાથ ધરી હતી આ આગ ની હોનારત બાદ અહીં થી પસાર થતા લોકો માં ભય નો માહોલ છવાઈ જવા પામ્યો હતો ,બસ ના ડ્રાયવર ના જણાવ્યા મુજબ અમારા ફોન અને રૂપિયા આગ મા બળીને ખાખ થઈ ગયા હતા

# ભિલોડામાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો



ભિલોડા, તા.૨૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખાતે મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો.જીલ્લા અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ અંધજન મંડળ સંચાલિત નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ, સમતા વિકાસ ટ્રસ્ટ, ઉદય સેવા સંસ્થાન ધ્વારા આયોજીત ધી ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના સહયોગથી મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. ૨૪૫ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. ૨૦ દર્દીઓને મોતીયો હોઈ બારેજા હોસ્પિટલ, અમદાવાદ ખાતે લઈ જવામાં આવશે તેમ જણાવ્યું હતું. કેમ્પમાં ૧૦૦ વ્યક્તિઓને આંખોના નંબરના ચશ્મા અપાયા હતા.

બ્લડ પ્રેશર અને સુગર લેવલની ૧૨૦ દર્દીઓની તપાસ કરી હતી. ભિલોડા ઉદય સેવા સંસ્થાનના જીતેન્દ્રભાઈ સી. ભાટીયા, રોહિતભાઈ પટેલ, જે. પી. શર્મા, સુરેશભાઈ પ્રજાપતી, બિપીનભાઈ પ્રજાપતી, વલ્કેશભાઈ પટેલ, ડાહ્યાભાઈ પ્રજાપતી, ધી ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. ચેરમેન કાંતીલાલ પટેલ, મનોજભાઈ પટેલ, મનિષભાઈ પટેલ, ભરતભાઈ ઠાકોર, મિતેષભાઈ પટેલએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ધાનેરામાં લાયસન્સ વગરનાં રીક્ષા અને બાઈક ચાલકો ખુલ્લે આમ ફરી રહ્યા છે

**સગીર બાળકો પણ જાહેરમાં બાઇક-રીક્ષાની સવારી કરે છે-તંત્ર મૌન**

ધાનેરા, તા.૨૭

સરકારી અનેક નિતી-નિયમો અને સારા કાયદા બનાવતી હોય છે પરંતુ કાયદાનું પાલન કરાવનાર અમલદારો આંખો બંધ કરીને તમાસો જોવા નું પસંદ કરે છે નાના સગીર બાળકો લાયસન્સ વગર મોટર સાયકલ તેમજ અન્ય વાહનો લઈને નિકળી પડે છે ત્યારે અકસ્માત સર્જાય છે અને લોકોને ભોગ બનવું પડે છે ધાનેરા માં અનેક રીક્ષા અને બાાઈક ચાલકો પાસે લાયસન્સ નથી છતાં બિન્દાસ થી રાત્રે મોડે સુધી રીક્ષા ચલાવે છે આ બાબતે દંડ અને સજાની અનેક જોગવાઈ હોવા છતાં પોલીસ તંત્ર આંખ આડા કાન કરે છે આ બાબતે પોલીસ સર્કીય થઈ તપાસ કરે અને લાયસન્સ વગરનાં વાહનો ને સીલ કરે તેવી લોકો ની માંગ છે.

# ગઢને તાલુકા મથકનો દરજ્જો આપવાની માંગ સાથે સંઘર્ષ સમિતિ દ્વારા મંત્રી પરબતભાઈ પટેલને આવેદનપત્ર

**ગઢ ખાતે એકતા યાત્રાના આગમન વખતે મંત્રી સમક્ષ ઉગ્ર રજુઆત**

ડીસા, તા.૨૭

રાજ્ય સરકાર આયોજિત એકતા યાત્રા પાલનપુર તાલુકાના ગઢ ગામમાં આવી પહોંચતા ગઢને તાલુકા મથકનો દરજ્જો આપવાની માંગણી પણ ઉઠવા પામી હતી. એકતા યાત્રા સાથે ગઢ આવેલા રાજ્ય સરકારના મંત્રી પરબતભાઈ પટેલ સમક્ષ ગઢને તાલુકા મથકનો દરજ્જો આપવાની માંગણી સાથે આવેદનપત્ર સ્વરૂપે લેખિત રજુઆત કરાઈ હતી.ગઢને તાલુકો બનાવવા લાંબા સમયથી લડત ચલાવી રહેલી સંઘર્ષ સમિતિએ ગઢ વિસ્તારના રાજકીય આગેવાનોને સાથે રાખી મંત્રી પરબતભાઈ પટેલને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.મંત્રી પરબતભાઈ પટેલે પણ આવેદનપત્રનો સ્વીકાર કરી ગઢના લોકોની લાગણીને સરકાર સમક્ષ રજુ કરી ઘટતી કાર્યવાહી કરાવવાની ખાત્રી આપી હતી.

અગાઉ નવાબના શાસન વખતે ગઢ મહાલ એટલે કે તાલુકો કહેવાતો હતો પરંતુ લોકશાહીના આગમન બાદ ગઢ મહાલનું પાલનપુર તાલુકામાં વિલીનીકરણ કરાયું હતું.આવી સ્થિતિમાં ગઢ પંથકના અગ્રણીઓ છેલ્લાં ત્રીસ વર્ષથી ગઢને ફરી તાલુકા મથકનો દરજ્જો આપવા સમયાંતરે રજુઆત કરી રહ્યાં છે.છેલ્લાં ત્રણેક વર્ષથી મીડિયાએ પણ આ ઝુંબેશમાં



સુર પુરાવતા અને ગઢ વિસ્તારનાં રાજકીય આગેવાનો સહિત અગ્રણીઓની લેખિત રજૂઆતના પગલે વહીવટીતંત્ર તરફથી પણ ગઢને તાલુકા મથકનો દરજ્જો આપવાની દરખાસ્ત કરવાની કામગીરી હાથ ધરાઈ છે. તાજેતરમાં બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભામાં પણ ગઢને તાલુકાનો દરજ્જો આપવાનો ઠરાવ સર્વાનુમતે પસાર કરાયો હતો.

ગઢને તાલુકો બનાવવાની માંગણી સાથે લડત ચલાવતી સંઘર્ષ સમિતિના સભ્ય અને ગઢનાં યુવા પત્રકાર દિનેશભાઈ રાણા અને રામસિંહ સોલંકીએ સ્થાનિક અગ્રણી ખુશાલભાઈ અંબાણી, અમૃતભાઈ દેસાઈ અને રામસુંગભાઈ ચૌધરીને સાથે રાખી ફરી મંત્રી પરબતભાઈ પટેલને ગઢને તાલુકો બનાવવાની માંગણી સાથે આવેદનપત્ર આપ્યું હતું અને આ માંગણીને વિના વિલંબે ન્યાય મળે તેવી લાગણી પણ વ્યક્ત કરી હતી.

# સરદાર એક્તા રથ યાત્રા થકી ગામે ગામ બન્યુ સરદારમય

મહેસાણા, તા. ૨૭

સમગ્ર રાજયમાં સરદાર એક્તા રથ યાત્રાના પરિભ્રમણ દ્વારા સરદાર સાહેબને ઐતિહાસિક રાષ્ટ્રની એક્તા અને અખંડિતતા માટે સરદાર સાહેબના યોગદાન, ભારતીયોના દિલમાં રાષ્ટ્ર પ્રેમનો નવો જુસ્સો પેદા કરતી સરદાર

**એક્તા રથ યાત્રાના આઠમા દિવસે મહેસાણા પ્રાંતના લાંઘણજ અને ખેરાલું પ્રાંતના વડનગરથી પ્રારંભ**

આદરાજંલિ આપવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે સરદાર એક્તા રથ યાત્રાના પ્રથમ તબક્કાના આઠમા દિવસે પણ મહેસાણા પ્રાંતમાં સમાવિષ્ટ લાંઘણજ ગામથી શુભારંભ કરવામાં આવ્યો હતો. જયારે ખેરાલું પ્રાંત વિસ્તારમાં સમાવિષ્ટં વડનગર ગામેથી શુભારંભ કરવામાં આવ્યો હતો. એક્તા રથ યાત્રા આજે ગામે ગામ ફરીને સરદાર સાહેબના એક્તા અને અખંડિતતાનો સંદેશો ફેલાવી ગામે ગામને સરદારમય બની ખરા અર્થમાં શ્રધ્ધાજંલિ આપી રહ્યું છે.

એક્તા યાત્રાના આઠમા દિવસે આજે મહેસાણા પ્રાંતમાં સમાવિષ્ટ લાંઘણજ, સાલડી, શંકરપુરા, વડસ્મા, જમનાપુરા, નવી શેઢાવી, જુની શેઢાવી, સાંગણપુર અને આખજ ગામોએ તેમજ ખેરાલું પ્રાંતના વડનગર, સિપોર, ખટાસણા, સુલીપુર, જગાપુરા, જાસ્કા અને સુંઢિયા ગામોના ગ્રામજનો દ્વારા એક્તા યાત્રામાં સરદાર સાહેબની પ્રતિમાંને કંકુ-તિકલ કરી પુષ્પંહાર પહેરાવી આરતી ઉતારવામાં આવી હતી અને અંતમાં ઉપસ્થિત તેમજ યાત્રામાં જોડાયેલ અબાલ વૃધ્ધ ગ્રામજનોએ રાષ્ટ્રની એક્તા અને અખંડિતતાના શપથ લીધા હતા. સરદાર એક્તા રથ યાત્રામાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

# ગુજરાતના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી બનાસકાંઠાની મુલાકાતે

આજે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી બનાસકાંઠાજિલ્લામાં પધારશે. મુખ્યમંત્રી ના હસ્તે પાલનપુર તાલુકાના માલણ ગામ ખાતે શ્રીમતી એન.સી.શાહ અને શ્રી એમ.એ.સોની પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવશે.

માલણ ગામની પ્રાથમિક શાળાની સ્થાપના તા.૧-૮-૧૮૭૨માં કરવામાં આવી હતી. માલણ ગામની શાળા જુની અને જર્જરીત હોવાથી તેના રિનોવેશન માટે શાળાના તત્કાલીન આચાર્ય નૈનેષભાઈ દવેએ દાતા વસંતભાઈ શાહ સમક્ષ પ્રસ્તાવ મુકતાં દાતાઓએ પ્રસ્તાવ સ્વીકારી હતી અને આ શાળાનું રૂ. ૨.૨૫ કરોડના ખર્ચથી રિનોવેશન કરી અધતન અને સુવિધાસજ્જ બનાવાઈ છે. જ્યારે મુખ્યમંત્રીના આગમન પ્રસંગે બનાસવાસીઓમાં હર્ષ અને આનંદની લાગણી છે.